જુઓ, તમે કાયમી 'ક્લાયન્ટ' છો એટલે ચેતવી દઉ છું - જન્માષ્ટમીના દિવસોમાં જુગાર રમનારાઓ ઉપર રેડ પાડવાનું નાટક અમે કરવાના છીએ, તમે એમાં સપડાઈ નહીં જતા.

કે.જી હાઈસ્કૂલ ચરાડા કુસ્તી હરિફાઈમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૭

રમત પ્રશિક્ષણ કેન્દ્ર સેકટર-૨૧ ખાતે જિલ્લાકક્ષાની વય જૂથ અને વજન ગ્રુપમાં કુસ્તી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કે.જી. હાઈસ્કુલ ચરાડાના ભાઈઓ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

ચૌધરી સોહમ, ચૌધરી મિત, ગોસ્વામી કિશન, ચૌધરી રવિ, ચૌધરી સુરેન્દ્ર, ચૌધરી જૈમિન, ચૌધરી મેહુલ અને ડાંગર મુકેશ વિદ્યાર્થીમાં જિલ્લામાં શાળાનું ગૌરવ બક્ષ્યું છે.

ઉપરોકત વિદ્યાર્થીઓ ને વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપેલ હતી. આચાર્ય બાબુભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

અરવિંદ કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા ૧૨મીએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના શ્રી અરવિંદ કેન્દ્રના સેક્રેટરી આર.એન. પીઠડિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૧૫મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ શ્રી અરવિંદના જન્મ દિન નિમિત્તે સંસ્થાની સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ચાલતા વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૨મી ઓગષ્ટને રવિવારના રોજ ડો. આંબેડકરભવન, સેકટર-૧૨ ખાતે સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનર ઈન્ટરનેશન પબ્લિક સ્કુલના વિદ્યાર્થીઓએ તા. ૩જી ઓગસ્ટના રોજ શૈક્ષણિક પ્રવાસ રસ, ઉત્સાહ આનંદથી માણ્યો. અભ્યાસિક પ્રવાસ અમદાવાદ દર્શનમાં સામાજિક વિજ્ઞાન વ્યવહારિક શિસ્ત દ્રશ્ય-શ્રાવ્ય વડે વિદ્યાર્થીઓએ તેમના જ્ઞાનમાં વધારો કર્યો હતો. સિદી શૈયદની જાળી, ઝુલતાં મિનારા, ગાંધી આશ્રમમાં દરેક સ્મૃતિનું અનૌપચારિક રીતે સમજાવ્યું હતું. અમદાવાદ દર્શનમાં બાળકોની સાથે દુર્ગેશ શર્મા, નીરવ ગુપ્તા, અશોક પટેલ, મનીષા બારોટ, ગીતા ઠાકોરએ માહિતી પૂરી પાડી હતી.

શ્રી અરવિંદ કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળવા સૌ નગરજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ૧૫મી ઓગષ્ટના રોજ શ્રી અરવિંદના જન્મદિન નિમિત્તે સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન ધ્યાન, પ્રાર્થના અને વાંચનનું આયોજન શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં નારી ઉત્સવને મળેલો ભરપૂર પ્રતિસાદ

ઉદ્‌ગમ ટ્રસ્ટ અને અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘે પ્રતિભાવાન મહિલાઓને સન્માની

ગાંધીનગર, તા. ૭

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ઉદ્‌ગમ સંસ્થા અને અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના સંયુકત ઉપક્રમે તાજેતરમાં નારી ઉત્સવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરની બહેનોએ વિવિધ સ્પર્ધાઓમાં સહભાગી થઈ પોતાની પ્રતિભાના દર્શન કરાવ્યા હતા અને ઈનામો મેળવ્યા હતા.

નારી ઉત્સવ અંતર્ગત ગાંધીનગરમાં ઉજી ઓગષ્ટે યોજાયેલી શીઘ્ર લેખન સ્પર્ધામાં મનિષાબેન ઝડફીયા પ્રથમ, નદેવી ઉપાધ્યાય દ્વિતીય અને પૂનમબેન મકવાણા તૃતીય ક્રમે વિજેતા થયા હતા. રંગોળી સ્પર્ધામાં ગીતાબેન મેવાડા પ્રથમ, મીનાબેન ગોહિલ દ્વિતીય, દક્ષાબેન જાદવ તૃતીય તથા આરતી સુશોભન સ્પર્ધામાં હેતલબેન પ્રથમ, નીરૂબેન જાડેજા દ્વિતીય અને નીતાબેન રાણા તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. એકપાત્રીય અભિનયમાં મીનાબેન શાહ પ્રથમ, હિરલબેન બીજા ક્રમે

અને સોનલબેન ત્રીજા ક્રમે આવ્યા હતા. એક મિનિટ સ્પર્ધામાં નેહલબેન ટોલિયા પ્રથમ, મિત્તલબેન રાણા દ્વિતીય, પરમજીત કૌર છાબડા તૃતીય ક્રમે આવ્યા હતા. આશ્વાસન ઈનામ રુચાબેન ઝાટકિયા, મીનાબેન સુથારને મળ્યું હતું. મહેંદી સ્પર્ધામાં મનીષાબેન ઝડફીયા પ્રથમ, અંજનાબેન ગોહિલ દ્વિતીય, આનલબેન શાહ તૃતીય આવ્યા હતા. રસોઈમાં હંસાબેન મકવાણા, પ્રથમ, પલ્લવીબેન સોલંકી બીજા ક્રમે અને જ્યોતિકાબેન લોધા ત્રીજા ક્રમે આવ્યા હતા. આશ્વાસન ઈનામ અંતરકુંવરબા બિહોલા અને ઉષાબેન ટાંકને મળ્યું હતું. ચિત્રમાં ભાગીરથીબેન ભટ્ટ પ્રથમ, ચંદ્રિકાબેન દ્વિતીય, સંગીત ખુરશીમાં કાશ્મીરાબેન મકવાણા પ્રથમ, નેહાબેન શાહ દ્વિતીય અને રસીલાબેન જીવાણી તૃતીય ક્રમે વિજેતા થયા હતા. પરમજીત કૌર છાબડા અને સંગીતાબેન રંગાણીને આશ્વાસન ઈનામ મળ્યા હતા. બાળકોની 'મારુ વ્હાલુ ગાંધીનગર' વિષય ચિત્ર સ્પર્ધામાં ૧૦ વર્ષથી નાના બાળકોમાં રીષી મહેતા અને વ્રત શાહ તથા ૧૦ વર્ષથી ઉપરના બાળકોમાં નિધિ ગોહિલ, શ્રીવા રાય અને લિટસી ભટ્ટ વિજેતા થયા હતા.

નારી ઉત્સવની વિવિધ સ્પર્ધાઓમાં કોકીલાબેન ત્રિવેદી, ગીરાબેન ભટ્ટ, મંજુલાબેન ભલગામી,

● અનુસંધાન સાતમા પાને

વસંતકુંવરબા પ્રાથમિક શાળા ખાતે રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮માં આવેલી બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં તાજેતરમાં રક્ષાબંધન પર્વની ઉજવણીના ભાગરૂપે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને વધુ રોચક બનાવ્યો હતો.

રક્ષાબંધનની ઉજવણીમાં શાળાની બહેનોએ ભાઈઓને તિલક કરી રાખડી બાંધી હતી. ભાઈઓએ બહેનોનું મોં મીઠુ કરાવીને ગિફ્ટ આપી હતી. શિક્ષકો દ્વારા વિદ્યાર્થી ભાઈ-બહેનોને રક્ષાબંધનને લગતા ગીતો પણ ગવડાવવામાં આવ્યા હતા. રક્ષાબંધન પર્વને વધુ રોચક બનાવવા રાખડી બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધોરણ ૩ થી ૮ના કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકોએ કલાત્મક રાખડી બનાવી પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતુ. ધોરણ ૩ અને ૪માં જાનકી પરમાર પ્રથમ નંબરે, ભૂમિ ચૌહાણ દ્વિતીય નંબરે, મેઘના રાણા તૃતીય નંબરે વિજેતા થઈ હતી. ધોરણ ૫ થી ૮માં મોનિકા બરંડા પ્રથમ નંબરે, આંચલ ચૌહાણ દ્વિતીય નંબરે અને જય દરજી તૃતીય નંબરે વિજેતા થયો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત રાજ્યના જિલ્લાઓની નકશા સાથેની પ્રસિદ્ધ થયેલી સુંદર પુસ્તિકાઓ



ગાંધીનગર, તા. ૭

અમદાવાદના અગ્રણી પ્રકાશક અક્ષરા પ્રકાશન તરફથી ગુજરાતના દરેક જિલ્લાની રંગીન નકશાઓ સાથેની જિલ્લા એટલાસ વિસ્તૃત માહિતી સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. એટલાસ પ્રકારની આ પુસ્તિકાઓની વિશેષતા એ છે કે દરેક જિલ્લાના અલગ અલગ તાલુકાઓની નકશા સાથે ગામડાં, રસ્તાઓ વગેરેની વિસ્તૃત વિગતો આવરી લીધી છે.

આ પુસ્તિકાઓના સંપાદકો કૌશિક પંડ્યા તેમજ અલ્પા પંડ્યાએ દરેક જિલ્લાની પુસ્તિકાના પ્રારંભમાં જિલ્લાનો પરિચય આપ્યો છે. તેમાં જિલ્લાનું ભૌગોલિક સ્થાન, વસતિ, વિસ્તાર, રસ્તાઓ વગેરે ઝીણવટભરી વિગતો આમાં આવરી લેવાઈ છે. તેમાં ૨૬ જિલ્લા, ૨૨૫ તાલુકા અને ૧૮,૫૩૯ ગામોનો સમાવેશ થાય છે.

સંપાદકો કૌશિક પંડ્યા તથા નકશા આલેખક અલ્પા પંડ્યાએ સારી એવી જહેમત લીધી છે. વ્યાપાર-ઉદ્યોગકારો તેમજ જિલ્લામાં કામ કરતા સરકારી કર્મચારીઓને પણ ઉપયોગી થાય તેવી પુસ્તિકાઓ છે.

રાજ્યના જિલ્લાઓમાં કેટલાક નાના જિલ્લા માટે બે જિલ્લાની ભેગી પુસ્તિકા બહાર પાડેલી છે. દરેકની કિંમત રૂા. ૮૦થી ૧૦૦ સુધીની છે. ગ્લેઝ કાગળ પર સુંદર રંગીન છાપકામ બદલ અક્ષરા પ્રકાશન પણ અભિનંદનના અધિકારી છે.

યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

ઉચ્ચ શિક્ષણ હજી કપરાં ચઢાણ છે

અહીં મોટે ભાગે શિક્ષણ સાથે સંકળાયેલા પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવે છે. પણ આજે એ પરંપરા બદલીને એક પુસ્તક વિશે વાત કરવી છે. અલબત્ત, એ પુસ્તકના કેન્દ્રમાં ઉચ્ચ શિક્ષણ જ રહ્યું છે. 'ઉચ્ચ શિક્ષણ : એક નિર્ણાયક શિખર જે હજુ સર કરવાનું બાકી છે.' આ પુસ્તકના લેખક છે જી કે ચઢ્ઢા. આ પુસ્તકના ગુજરાતી અનુવાદક છે મોહન પટેલ. આજે આ પુસ્તક સંદર્ભે વાત કરવી છે.

પુસ્તકનું શિર્ષક પોતે જ ઘણું બધું કહી જાય છે અને એમાં પણ હજી શબ્દ ઘણો બધો વ્યંગ્યાર્થ સૂચવે છે. હજી એટલે આઝાદીના આટલા બધા વર્ષો વીતી ગયા પછી પણ ઉચ્ચ શિક્ષણનું જે લક્ષ્ય નિર્ધારીત કરવામાં આવ્યું હતું ત્યાં સુધી હજુ પહોંચવાનું બાકી છે. તો એટલા બધા વર્ષો આપણે શિક્ષણ ક્ષેત્રે શું કર્યું ? વળી, બીજો પ્રશ્ન એ પણ થાય કે વિકાસના નામે આપણે અન્ય ક્ષેત્રોમાં હરણફાળ ભરી છે અને જે સૌથી જરૂરી ક્ષેત્ર છે એમાં જ સૌથી પાછળ રહ્યા છીએ. આ પુસ્તકમાં શા માટે પાછળ રહ્યા એનાં કારણો ચિંધવામાં આવ્યાં છે. આમ તો આર્થિક વિકાસ સાથે શિક્ષણના વિકાસની અહીં ચર્ચા થઈ છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સંશોધનનું મહત્ત્વ ખાસ સ્વીકારાયું છે પણ એ મુજબ એનો અમલ થાય છે ખરો ? આ સંદર્ભે એક વાત મહત્ત્વની કહી છે કે, 'સારી યુનિવર્સિટીની એક ખાસિયત છે કે તેણે જ્ઞાનનું સર્જન કરવાનું છે, નહીં કે માત્ર વિદ્યાર્થીઓ માટે પણ સમગ્ર સમાજ માટે.'

(પા. ૫૧) અહીં શિક્ષણ અને યુનિવર્સિટીઓની સામાજિક જવાબદારી ઉપર પણ ભાર મૂકાયો છે. પુસ્તકિયું જ્ઞાન કશા કામનું નથી જ્યાં સુધી એ સમાજના લોકો સુધી ન પહોંચે તો સામે પક્ષે સમાજની પણ ફરજ બને છે કે સંશોધન ક્ષેત્ર જે કંઈ પણ નવું થાય છે એનો ઉમળકાભેર આદર કરે. જો એ આદર કરવામાં સમાજ પાછળ રહે તો પછી ફરિયાદ કરવાનો બહુ અર્થ રહેતો નથી.

ભારતમાં ઉચ્ચ શિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિ વિશે પણ અહીં આંકડાકીય માહિતી આપીને પ્રકાશ ફેંક્યો છે. '૨૦૦૬માં માત્ર ૧૦ટકા કૉલેજોને **NAAC** દ્વારા એ ગ્રેડ આપવામાં આવ્યો હતો, જ્યારે ૬૬ ટકા કૉલેજોએ બી ગ્રેડ અને ૨૪ ટકા કૉલેજોએ સી ગ્રેડ મેળવ્યો હતો. તે જ રીતે ૩૨ ટકા યુનિવર્સિટીને એ ગ્રેડ, ૫૨ ટકા યુનિવર્સિટીને સી ગ્રેડ મળ્યો હતો.' (પા. ૪૯) પૂરતી સુવિધાઓને અભાવે આ ગ્રેડ પ્રાપ્ત થયા છે. ખાસ કરીને પછાત અને અંતરિયાળ વિસ્તારમાં આવેલી કૉલેજો પાસે પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે આ સ્થિતિનું નિર્માણ થાય છે. એમાં પણ અપૂરતો સ્ટાફ એ સૌથી મોટી સમસ્યા છે અને એની અસર શિક્ષણ અને સંશોધન બંને ઉપર પડે છે. જ્યાં સ્ટાફ છે ત્યાં સંશોધન કરી શકાય એવી મોકળાશ નથી અને સુવિધા પણ નથી અને જ્યાં બધું જ છે ત્યાં માનવીય વાતાવરણ નથી કે એક અધ્યાપક પોતાનું સંશોધન કાર્ય શાંતિથી કરી શકે. અને સરવાળે આ બધાની અસર શિક્ષણ અને સંશોધન ઉપર પડતી હોય છે.

આપણે **ITI** આપણી અને **IIM** જેવી સંસ્થાઓ પર બહુ ગર્વ કરીએ છીએ અને વધારે ધ્યાન પણ એ સંસ્થાઓ તરફ આપીએ છીએ પણ એમાંની એક પણ સંસ્થા વિશ્વની ઉત્તમ સંસ્થાઓમાં સ્થાન પામી શકે એવી છે ખરી ? આ સંસ્થાઓમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને એટલી નિતાંત જરૂર રહે છે કે એને સારી એવી નોકરી મળી રહેશે. પમ અન્ય વિદ્યાર્થીઓનું શું ? લેખક લખે છે, 'અત્યારના શિક્ષણની સૌથી મોટી ખામી એ છે કે આપણે વધુ ને વધુ બેરોજગાર સ્નાતકો બહાર પાડીએ છીએ. બહાર શાની માંગ છે તે પ્રમાણેના શિક્ષણ પર ભાર મૂકવાની ખૂબ જરૂર છે. સારી ફેકલ્ટીની ઊણપ આપણે પોતે આપણી શૈક્ષણિક નીતિઓ અને કદર વગરની શિક્ષણ વ્યવસ્થા દ્વારા કરી છે. (પા. ૫૦) આગળ વધુ લખે છે, 'જૂનો અભ્યાસક્રમ અને પરંપરાગત રીતે ભણાવવાની પદ્ધતિ હજુ ઘણી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં ચાલુ છે. ફેકલ્ટીની જબરદસ્ત અછત, કે જે ફેકલ્ટીની જગ્યા ન ભરવી તેવી નીતિથી સર્જાયેલ છે તે પણ ગુણવત્તા પર અસર કરે છે. આ બધા કારણોને લીધે આપણી શિક્ષણ વ્યવસ્થા પરંપરાગત અને વિષય કેન્દ્રીત બની ગઈ છે, જે જ્ઞાન અર્થતંત્ર માટે અડચણરૂપ બની શકે.'

(પા. ૫૦) પુસ્તકના લેખક અર્થશાસ્ત્ર નિષ્ણાત છે એટલે એમણે માગ અને પુરવઠાની ભાષામાં પોતાની વાત મૂકી છે. આ આખી વાત સમજાવે છે કે શિક્ષાનું તંત્ર બિલકુલ જડ થઈ ગયું છે અને જડ તંત્રમાં કેવળ અતંત્રતા જ પ્રવર્તતી હોય છે અને એ સ્વસ્થ સમાજ નિર્માણના કાર્યમાં કોઈ રીતે મદદરૂપ થઈ શકતું નથી. શિક્ષણને એ જડ તંત્રમાંથી બહાર લાવવાની તાતી જરૂર છે.

ભારત જેવો અતિ વસ્તીવાળો વિશાળ દેશ કે જ્યાંથી જ્ઞાનનો ઉદ્‌ભવ થયો હતો એવું કહેવાય છે એ જ જો આઝાદી પછીના આટલા વર્ષો બાદ પણ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર ન રહી શકતું હોય તો એ કેવળ કમનસીબી નથી પણ સમાજ અને રાજકારણ માટે વિચારવાનો મુદ્દો બની રહે છે. રાજકારણનો જ્યાં પણ સ્પર્શ થાય છે ત્યાં સમસ્યા સર્જાય છે અને રાજકારણ વગર આજે એક પણ કામ થઈ શકતું નથી એ પણ એક વક્રતા છે ! આ વક્રતા દિવસે ને દિવસે વકરતી જાય છે. શિક્ષણ રાજકારણથી અસ્પૃશ્ય કેમ રહી શકે એ વિશે પણ વિચારવું જોઈએ. (પુસ્તક પ્રાપ્તિ સ્થાન : એન એસ પટેલ આર્ટ્સ કોલેજ, ભાલેજ રોડ, આનંદ)

ગુજરાતના યુવાધનને હિમાલયા વિસ્તાર શિખર આરોહણ અભિયાનમાં જોડાવવા માટેની અમૂલ્ય તક

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિયંત્રણ હેઠળની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટઆબુ દ્વારા આગામી માહે. સપ્ટેમ્બર-૨૦૧૨ દરમિયાન હિમાલય વિસ્તાર શિખર આરોહણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧-૭-૨૦૧૨ની સ્થિતિએ ગુજરાતના ૧૮ થી ૫૦ વર્ષની વય ધરાવતી સાહસિક વ્યક્તિઓ આ અભિયાનમાં ભાગ લઈ શકશે. હિમાલય વિસ્તાર શિખર આરોહણ અભિયાનમાં ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિઓએ બરફ ચઢાણનો એડવાન્સ કોર્ષ અથવા બેઝીક કોર્ષ પૂર્ણ કરેલો હોવો જરૂરી છે. શિખર આરોહણ અભિયાનમાં સફળતા મેળવનાર કે અગાઉ ભાગ લેનાર સાહસિકને તથા બરફ ચઢાણના મેથડ ઓફ ઈન્સ્ટ્રકશન કોર્ષ અથવા સર્ચ એન્ડ રેસ્ક્યુ કોર્ષ પૂર્ણ કરનાર અથવા માઉન્ટઆબુ ખાતે ખડક ચઢાણનો કોચીંગ કોર્ષ પૂર્ણ કરનારને પસંદગીમાં પ્રાધાન્ય આપવામાં આવશે. દરેક ઉમેદવારે બાયોડેટામાં પોતાનું પુરૂ નામ સરનામુ, ટેલીફોન નંબર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, પર્વતારોહણક્ષેત્રે કરેલ કોર્ષ વગેરે વિગતો જણાવવાની રહેશે. બરફ તથા ખડક ચઢાણના પ્રમાણપત્રો ઉપરાંત સ્વાસ્થ્ય અંગેનું ડોક્ટરનું પ્રમાણપત્ર અને અભિયાનમાં જોડાવવા માટે વાલીનું સંમતિપત્ર પણ બીડવાનું રહેશે. ખાસ કિસ્સામાં ઉમેદવારની લાયકાતના ધોરણમાં કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ છૂટછાટ મુકી શકશે. ઈચ્છુક ઉમેદવારે પોતાના બાયોડેટા તથા જરૂરી પ્રમાણિત પ્રમાણપત્રોની નકલો સાથેની અરજી તા. ૧૭-૮-૨૦૧૨ સુધીમાં આચાર્યશ્રી, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, ગૌમુખરોડ, માઉન્ટઆબુ રાજસ્થાનને અરજી મોકલવાની રહેશે જેની નોંધ લેવા કમિશનર, યુ.સે. અને અં.પ્ર.ની અખબારી યાદીમાં જણાવાયું છે.

ગુજરાતનો પહેલો સંગીતજ્ઞ : મહા ગુજરાતી શ્રીકૃષ્ણ

પ્રથમ તો વાચકમિત્રોને અગાઉથી જન્માષ્ટમીની શુભકામના. તા. ૧૦ ઓગષ્ટના રોજ પૂર્ણ પુરુષોત્તમ, નાટ્યવર શ્રીકૃષ્ણ જન્મોત્સવ એટલે શ્રાવણ વદ આઠમ. ભગવાન વિષ્ણુના દશાવતારોમાં માનવ અવતાર એવા શ્રીકૃષ્ણનો અવતાર એક અદ્‌ભૂત અવતાર તરીકે આપણે જાણીએ છીએ. શ્રીરામને આપણે મર્યાદા પુરુષોત્તમ અને શ્રીકૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ તરીકે ઓળખીએ છીએ. પૂર્ણ પુરુષોત્તમ અર્થાત્ સંપૂર્ણ વ્યક્તિત્વ. શ્રીકૃષ્ણને આપણે અનેક રીતે મૂલવીએ છીએ. સાહિત્યકારો, સંગીતકારો, ચિત્રકારો, શિલ્પકારો અને ભક્તોએ શ્રીકૃષ્ણને અલગ-અલગ રૂપમાં જોયા, વિચાર્યા અને માણ્યા છે. એવું નથી કે લાગતું કે શ્રીકૃષ્ણમાં એવું તો શું હતું કે તે દરેકના હૃદયમાં બિરાજમાન રહે છે. હું માનું છું કે શ્રીકૃષ્ણ વિવિધ કલાઓમાં પારંગત હોવાને કારણે એક ઉત્તમોત્તમ વ્યક્તિત્વના રૂપમાં પૂજાયા છે. ખાસ કરીને શ્રીકૃષ્ણનું સંગીત અને નૃત્યનું પરનું પ્રભુત્વ એટલું હતું કે જેને કારણે તેઓ નટવર, નટનાટ્યવર, અભિનયનિપૂર્ણ, લાસ્યવિદ્યાનિપૂર્ણ તરીકે સંબોધાયા અને વળી વાંસળી વિના ભગવાન શ્રીકૃષ્ણની કલ્પના જ

સંગીત દર્શન

- ડૉ. ગૌરાંગ ભાવસાર

શી રીતે થઈ શકે ?

તેથી જ શ્રીકૃષ્ણને દર્શાવવા માત્ર વાંસળી કાફી છે. ચિત્રકારો, શિલ્પકારો, સંગીતકારો, નૃત્યકારો કૃષ્ણના પાત્રને દર્શાવવા માટે વાંસળીની સહાય લે છે.

અને વળી આર વી દેસાઈ તો એવું કહે છે કે, આપણે વેદ પછીના યુગને તપાસીએ તો કૃષ્ણ સરખો પ્રખર ગાયનાચાર્ય ગુજરાતમાં જડી આવે છે. વ્રજવાસ છોડી દ્વારિકા નિવાસ કરનાર કૃષ્ણ કનૈયો મટી જગદ્‌વંદ્ય મહાપુરુષોત્તમ બન્યા એ દ્વારિકામાં આપણો પહેલામાં પહેલો મહાગુજરાતી તે કૃષ્ણ. કૃષ્ણ એટલે જ આખી સંગીતસૃષ્ટિ. કૃષ્ણ અને સંગીતને જૂદા પડાય એમ છે જ નહિ. ગીત, નૃત્યને વાદ્ય મળી આખું સંગીત રચાય. સંગીતના આ ત્રણે અંગ કૃષ્ણની આસપાસ સતત વિંટળાયેલા જ રહ્યાં છે. કૃષ્ણની આસપાસ જેટલું સંગીત રચાયું છે, ગવાયું છે, એટલું જગતની કોઈપણ વ્યક્તિની આસપાસ રચાયું પણ નથી અને ગવાયું પણ નથી.

ઘનવાદ્ય કરતાલ સરખાં, અવનદ્ધવાદ્યા-દુંદુભિ સરખાં, તંતુવાદ્ય-વિણા સરખાં અને સુષિરવાદ્ય-વેણુ, વાંસળી સરખાંનો વેદમાં ઉલ્લેખ છે જ અને કૃષ્ણે દ્વારિકા આવ્યા પછી રસક્રિડા ભલે ન કરી હોય, તે પણ વાંસળી વડાગવી છોડી દીધી હોય એમ મનાતું નથી.

મનુષ્યો અને પશુ-પક્ષીઓની સાથે વૃક્ષ-લતાઓ પર પણ શ્રીકૃષ્ણના વેણુનાદની મોહિની અસર થતી જેના ઉદાહરણરૂપે એક ગોપી વ્યંગ્યાત્મક રીતે વેણુનાદનો મહિમા રજૂ કરતા કહે છે કે,

'મુરહર રન્ધન સમયે મા કરુ મુરલીખં મધુરમ, નીરસ મેઘો રસતાં કૃશાનુખ્યેતિકૃશાતરતામ્'

અર્થાત્ 'હે મુરારી રસોઈ બનાવવાના સમયે તો તમે કૃપા કરીને તમારી મોરલીના મધુર સૂર ન રેલાવો કારણ કે તે ધ્વનિ સાંભળીને મારી સૂકાયેલી લાકડીઓ લીલી થઈ જાય છે. તેમજ તેમાંથી રસ ટપકવા લાગે છે અન આગ ઓલવાઈ જાય છે, જેથી હું રસોઈ પણ કરી શકતી નથી.

ગર્ગ સંહિતામાં ઉલ્લેખ છે કે મૈયા જશોદા પાસેથી માખણ મેળવવા માટે શ્રીકૃષ્ણ નૃત્ય કરી તેમને પ્રસન્ન કરતા અને માને કાલાવાલા કરીને માખણ આપવા માટે મનાવી લેતા.

આ ઉપરાંત અતિ પ્રચલિત 'મધુરાષ્ટકમ્' એક શૃંગારિક પદ છે જેમાં મધુરાધિપતિ શ્રીકૃષ્ણના રૂપમાધુર્ય, ગુણમાધુર્ય, વેણુમાધુર્ય, લીલામાધુર્ય, પ્રિયામાધુર્ય, યોગમાધુર્યની સાથે નૃત્યમાધુર્યની પણ પ્રશંસા કરવામાં આવી છે. આ વાત દર્શાવે છે કે કૃષ્ણ કેટલા મોટા કલાકાર હતા. કહેવાય છે કે શ્રીકૃષ્ણ મોરને નૃત્ય ગુરુ તરીકે જોઈને તેમની પાસેથી 'કળા' કરવાનું શીખ્યા. આપણા શાસ્ત્રોમાં વર્ણન છે કે શ્રીરામજી જ્યારે વનવાસમાં હતા ત્યારે મા સીતાને પાણીની તરસ લાગી અને ત્યાં ક્યાંય પાણી મળ્યું નહીં ત્યારે રામજીએ મોરને કહ્યું કે તમારી દૂરદૃષ્ટા આંખો દ્વારા એ બતાવો કે પાણી ક્યાં છે, ત્યારે મોરે કહ્યું કે આપ મારી પાછળ પાછળ આવો. ઝાડ-જાંખરાઓમાં થઈને મોરે પાણીના ઝરણા સુધી રામજીને પહોંચાડ્યા, પાણી પીધા પછી રામજીએ પાછળ જોયું તો મોર લહુ-લુહાણ થઈને પડ્યો હતો. ત્યારે રામજીએ મોરને પોતાના ખોળામાં લઈને વરદાન માગવા કહ્યું ત્યારે મોરે કહ્યું કે આપ મને ધારણ કરો ત્યારે રામજીએ વચન આપ્યું કે હું કૃષ્ણ અવતારમાં મારા મુગટમાં તારા પીંછાને ધારણ કરીશ અને તેથી જ આપણે શ્રીકૃષ્ણના મુગટમાં મોરપીંછ જોઈએ છીએ. વાત માત્ર એટલી જ છે કે મોર એ અચ્છો નૃત્યકાર છે, ભલભલા વ્યક્તિ મોરની કળા જોઈને સ્થિર થઈ જાય. આ મોરની કળાના ગુણ ભગવાને અવતાર દરમ્યાન ગ્રહણ કર્યા અને ઉત્તમ કળાકાર કહેવાયા એવું મારું માનવું છે. શ્રીકૃષ્ણની રાસલીલાએ તો સમગ્ર જીવ-સજીવ સૃષ્ટિને સંમોહિત કરી છે. કદાચ આ જ કારણે શ્રીકૃષ્ણને મોહનની પદવી આપવામાં આવી અને તેથી જ નૃત્યકારો તેમને 'ધીરલલિત' નાયક તરીકે ઓળખે છે.

આપણે એમ જ માનીએ છીએ કે સમૂહ ગીત 'કોન્સર્ટ' કે 'ઓરકેસ્ટ્રા' આપણે પશ્ચિમમાંથી લીધું. આ બહુ મોટી ભૂલ છે. કૃષ્ણ એક મહાન યોગી, મહાન પ્રેમી, મહાન મુત્સદ્દી અને મહાન રાજપુરુષ. ઉપરાંત એક મહાન સંગીતાચાર્ય પણ હતા. કંઈ કેટલીયે વાર શ્રીકૃષ્ણની સાથે સમૂહ રાસ-નૃત્ય- સંગીતનો ઉલ્લેખ મળે છે. તેથી મારું માનવું છે કે ભારતમાં હજારો વર્ષ પહેલાં સમૂહ સંગીતની સ્થાપના શ્રીકૃષ્ણ દ્વારા થઈ આ વાત પાશ્ચાત્ય દેશો માટે નવી હશે પણ ભારત માટે તો આ એક સંગીત પરંપરા છે.

● અનુસંધાન છઠ્ઠા પાને